ખૂબ અગત્યનું

ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/મા.પ્ર-૨૦૨૧/૧૦૯૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૪/૦૬/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
ગુજરાત રાજય.

વિષય :- ધોરણ-૧૦ ના નિયમિત વિદ્યાર્થીઓને બોર્ડની જાહેર પરીક્ષા-૨૦૨૧ના બદલે માસ પ્રમોશનથી પાસ જાહેર કરવાની જોગવાઈ અનુસાર પરિણામ તૈયાર કરવા અંગે બાયસેગના માધ્યમથી માર્ગદર્શન આપવા બાબત.

સંદર્ભ :- અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/માધ્યમિક/મા.પ્ર-૨૦૨૧/૧૦૮૯ તા.03/0૬/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી ધોરણ-૧૦ ના નિયમિત વિદ્યાર્થીઓને બોર્ડની જાહેર પરીક્ષા-૨૦૨૧ના બદલે માસ પ્રમોશનથી પાસ જાહેર કરવાની જોગવાઈ અનુસાર પરિણામ તૈયાર કરવા અંગે વિગતવાર માહિતી આપવામાં આવેલ છે. રાજયમાં આવેલી શાળાઓના આચાર્યો અને શિક્ષક મિત્રો તેમજ વહીવટી સ્ટાફને ઉક્ત પરિપત્રમાં દર્શાવેલ વિગતોની યોગ્ય સમજ મળે તે આશયથી બાયસેગની વંદે ગુજરાત ચેનલ-૧ અને GSHSEB GANDHINAGAR ની YOUTUBE ચેનલના માધ્યમથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

ઉક્ત કાર્યક્રમ તા.૦૫/૦૬/૨૦૨૧ ને શનિવારના રોજ ૧૧:૦૦ કલાક થી ૧૨:૩૦ કલાક દરમિયાન યોજાશે. ઉક્ત કાર્યક્રમમાં જિલ્લામાં આવેલી તમામ માધ્યમિક શાળાઓના આચાર્યો, શિક્ષકો અને વહીવટી સ્ટાફ ઉક્ત કાર્યક્રમ કોઈ પણ સ્થળેથી દર્શાવેલ માધ્યમથી નિહાળે તે જોવા જણાવવામાં આવે છે.

આપના તાબા હેઠળની તમામ શાળાના આચાર્યશ્રીઓને ઉક્ત કાર્યક્રમ નિહાળવા માટે આપની કક્ષાએથી જાણકારી આપશો તેમજ આપની કચેરીના શિક્ષણ નિરીક્ષકો અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકો ઉક્ત કાર્યક્રમ નિહાળે તેવી સુચના આપશો.

(ડી. એસ. પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>નકલ રવાના :-</u>

- રજિસ્ટર્ડ માધ્યમિક અને ઉચ્ચતર શાળાના આચાર્યશ્રીઓ, તમામ